૨૦૦૧

ઢુંઢિઆની હિયડવેલ.

જૈન ધર્મિયોને વાસ્તે

પંડીત વીરવીજયજી મહારાજની

બનાવેલી



અમદાવાદ.

માણેકચોક આગળ કાગદીઓળની સામુ

શા૦ હીરાભાઈ પુંજાસાના મકાનમાં

“અમદાવાદ ટાઇમ્સ પ્રેસ”માં

કાળીદાસ સાંકળચંદે છાપી પ્રસિદ્ધ કરી.

સંવત ૧૯૪૦. સન ૧૮૮૪.

કિંમત રૂ૦-૨-૦

૨૦૦૧

થુળિભદ્રની શીયળવેલ.

દુહા.

સયલ શુભંકર પાસજી ॥ સંખેશ્વર સિરદાર ॥ સંખેશ્વર કેશવ જરા ॥ દુરત કરત ઉપગાર ॥ ૧ ॥ સરસ વચન રસ વરસતિ ॥ સરસતી ભગવતી જેહ ॥ સુભમતી દાયક સુભગુરૂ ॥ પ્રણમું ત્રીકરણ એહ ॥ ૨ ॥ ભદ્રંકર થુલિભદ્રજી ॥ સાધુ સકળ સીરદાર ॥ તાપ તપીત કંચન પરે ॥ સુર કહે દુઃકરકાર ॥ ૩ ॥ લલિત વચન પદ પદની ॥ રચશું શિયળની વેલ ॥ બાળક બાહુ પસારીને ॥ જળ નીધી માન કરેલ ॥ ૪ ॥ સુણતાં સજ્જન સુખ લહે ॥ દુરજન મન દોભાય ॥ પય પાને પુષ્ટી વધે ॥ વિષધરને વિષ થાય ॥ ૫ ॥ વ્રતધારા નિશ્ચલ હુવે ॥ ભદ્રકને શુભ રાગ ॥ વૈરાગી વૈરાગ્યતા ॥ પંડિત વચનરસ લાગ ॥ ૬ ॥ જલધર જળ વરસ્યું ભુવી ॥ ઈક્ષુ પ્રમુખ રસ જેમ ॥ ચતુર વિવેકી રીઝશે ॥ રચશું રચના તેમ ॥ ૭ ॥

ઢાળ ૧ લી.

ગોકુળ મથુરાંરે વહાલા એ દેશી.

પાટલીપુરમાંરે પ્યારે ॥ નવ નવ રસ કૌતક ચાંગા ॥ સુખીયા પ્રાણીરે ઝાઝા ॥ રાજ્ય કરે છે શ્રી નંદરાજા ॥

૧ ॥ પાડલીપુરમાંરે પ્યારે ॥ આં૦ ॥ સકડાલમંત્રીરે જાણો નાગર નાતી સુજાન વખાણો ॥ કમળમુખી કગળા અનુસરાણી ॥ સુંદર લાછલદે તસ ધરાણી ॥ ૨ પાડ૦ ॥ પુત્ર ભલેરારે પામ ॥ શ્રી થુળીભદ્ર સરીયો નામ ॥ પુત્રી સાતેરે ભળીયાં ॥ જવ નંદન તેહને અટકળીયાં ॥ પાડ૦ ૩ ॥ ચતુરાઈ કુરારે કહીયે ॥ થાનક નિતી શાસ્ત્રે એમ લહીયે ॥ પંડિત સાથેરે મળતાં ॥ રાજસભા વિન વેશ્યે ભળતાં ॥ પા૦ ૪॥ શાસ્ત્ર પઠન દેશાંતર ફરીયે ॥ રહીયે નિત વેશ્યા મંદીરાએ ॥ તા ચતુરાઈરે આવે ॥ ઈમ થુળીભદ્ર તિહાં હીલ રૂપાવે ॥ પાડ૦ ૫ ॥ તાતની આણારે માગી ॥ દ્રવ્ય સહિત ચાલ્યા વડભાગી ॥ કોશ્યા દેખીરે થંભે ॥ સુભ સણગાર શરીર અચંભે ॥ પાડ૦ ૬ ॥

ઢાળ ૨ જી

ગોકુળની ગોવાલણી મહી વેચવા ચાલી. એ દેશી.

નાર વધુ સોહામણી રૂપે રંગે સારી ॥ સકળ સ્વરૂપ નિહાળતાં સુર સુંદરી હારી ॥ ૧ ॥ સરદ પુનમનો ચંદ્રમા મુખ દેખી હરાવે ॥ અધર અરૂણ પરવાલની પણ ઉપમ ન આવે ॥ ૨ ॥ દંત જિસ્યા દાડમ કળી ફુલ વયણે ખરતાં ॥ નાસા ઉપમ ન સંભવે સુક ચંચુક ધરતાં ॥ ૩ ॥ લોચનથી જમ લાજીયો સસી મંડળ પેઠા ॥ સુંદર વેણ વિલોકીને ફણીધર ભુવી પેઠા ॥ ૪ ॥ પાણી અરણને જોઈ

ને જળ પંકજ વસીયાં ॥ કળસ ઉરોજને દેખીને બવણો
દધી પ્રસીયાં ॥ ૫ ॥ લંક કટી તટ કેસરી ગીરી કંદર
જાસી ॥ મોહની મંત્ર મસ ધડી નિધાતે જહાં વાસી ॥
૬ ॥ દંત તણો ચુડો કીધો હઈયે મોતીનો હાર ॥ કુંજની
ગતી ચાલતી ॥ ત્રણ રતનજ હાર ॥ ૭ ॥ એહ ભરાણાં
હાથીયા નાંખે સિર છાર ॥ અબળા તે સબળા થઈ
અમને ધિક્કાર ॥ ૮ ॥ કંચુવો કસબી કોરનો હાથે
સોનાનો ચુડો ॥ મોહનગારી પ્રેમમાં રસ વાધ્યો છે રૂડો
॥ ૯ ॥ સિર તિલક વાળી સજી સોળે શણગાર ॥ થુલિભ
દ્ર તે દેખતાં મોહ્યા તેણી વાર ॥ ૧૦ ॥ હવે તે હરાણા ખીચે
આલીંગ્યો ધરી નેહ ॥ પીન પયોધર બાગમાં ઝુલ્યો પડ્યો
તેહ ॥ ૧૧ ॥ નીત નવલી ક્રીડા કરે નીત નવલા ભોગ
॥ સરસ સુભોજન અમ્રત સમાં આરોગે સુર ભોગ ॥ ૧૨
॥ પંચ વીખય સુખ લીનમાં બાર વરસ નીગમીયા ॥ સા
ડી બાર ધન ક્રોડસું સુભ રંગે રમીયા ॥ ૧૩ ॥

ઢાળ ૩ જી

હો જસોદાના બાળા. એ દેશી.

કાળ ગયો નવી જાણીયોરે ॥ વેશ્યા વિલુધો તેહ ॥ છેલ
ન છોડીયેરે ॥ વર રૂપા બ્રાહ્મણને સંજોગે ॥ સકડાલ મં
ત્રી નેહ ॥ ૧ ॥ છેલ ન છોડીયેરે ॥ આંકણી ॥ નંદન
રેશરૂ કાપીયોરે ॥ મંત્રી મરણ લહે વાખ ॥ છે૦ ॥ સકુરે

સરૈયા તેડાવોચોરે ॥ દિઓ મંત્રી પદ કામ ॥ છે૦ ૨ ॥ મુજ બંધવ વેસ્યા ઘરેરે ॥ રંગે રમે એક ચિત્ત ॥ છે૦ ॥ માંસ નખે જળ માંછલીરે ॥ તાસ સરીસી પ્રીત ॥ છે૦ ૩ ॥ મંત્રીપણું દિયો તેહનેરે ॥ તેડાવી મહારાય ॥ છે૦ ॥ નંદ કહે સરીખા પ્રતેરે ॥ આણી તું એણે ઠાય ॥ છે૦ ૪ ॥ સીખ લહી નર રાયનીરે ॥ પોહોતો સરેયા ત્યાંહે ॥ છે૦ ॥ બંધવને પ્રણમી કહેરે ॥ તેડે નરીંદ ઉછાંહે ॥ છે૦ ૫ ॥ સાંભળી કોસ્યાને કહેરે ॥ જઈ આવું એક વાર ॥ છે૦ ॥ હવે વળતું વેસ્યા કહેરે ॥ સુણ સુભ વીર કુમાર ॥ છે૦ ૬ ॥

ઢાળ ૪ થી

તમે વસુદેવ દેવકીના જાયાજી લાલજી લાકડાડા

એ દેશી.

કોસ્યા વેસ્યા કહે રાગીજી ॥ મનોહર મન ભમતા ॥ કિહાં જાસ્યો પીઉ સોભાગીજી ॥ મનોહર મન ભમતા ॥ નહી જાવા દું નીરધારજી ॥ મ૦ ॥ આપણો સ્યો નૃપ દરબારજી ॥ મ૦ ૧ ॥ કરતી ચતુરાઈ પ્રીત ચાળોજી ॥ મ૦ ॥ જાણ્યો મુજને દેજ્યો ચાળોજી ॥ મ૦ ॥ એવડી સી કરવી આળોજી ॥ મ૦ ॥ એ પુરૂષને પાછો વાળોજી ॥ મ૦ ૨ ॥ પ્રીતમ પ્યારા તુમ ટાળીજી ॥ મ૦ ॥ નહી કોઈની હું ઓસીયાળીજી ॥ મ૦ ॥ આવશો જો આવનીનો

ઈસુજી ॥ મ૦ ॥ તેહને પણ ઉત્તર દેસુજી ॥ મ૦ ૩ ॥
એમ કરતાં જો તમે હિંડોજી ॥ મ૦ ॥ તો મુજને સાથે
તેડોજી ॥ મ૦ ॥ નવિ છંડું તુમચો કેડોજી ॥ મ૦ ॥ પુ
રવ મોતી રસ રેડોજી ॥ મ૦ ૪ ॥ વન ચરતે અમર ફળ
દીઠુંજી ॥ મ૦ ॥ ચાખ્યું તાં લાગ્યું મીઠુંજી ॥ મ૦ ॥ કોઈ
દેખાણું તિહાં રઢ માંડુજી ॥ મ૦ ॥ પંગુ તે કરથી નવિ
ઝાંડુજી ॥ મ૦ ૫ ॥ તિમ તુમ સમ હીરો પાયોજી ॥ મ૦
॥ બાઉલદેવાનો જાયોજી ॥ મ૦ ॥ તુમ મોહની મં
ત્રને સાહ્યોજી ॥ મ૦ ॥ તુમસુ મુજ પ્રેમ તે વાહ્યોજી ॥
મ૦ ૬ ॥ રસીયાસું હું રંગ રાતીજી ॥ મ૦ ॥ પીઉ વિર
હે દાઝે છાતીજી ॥ મ૦ ॥ આ ઉભી પાલવ ઝાલીજી ॥
મ૦ ॥ હું તુમને અંતર વ્હાલીજી ॥ મ૦ ૭ ॥ થુલિભ
દ્ર કહે હઠ મેલોજી ॥ મ૦ ॥ નૃપ બેટી આવીસ વેહેલા
જી ॥ મ૦ ॥ તોહારા સગ જો કિહાં રાચુંજી ॥ મ૦ ॥ સુ
ણ વીર વચન છે સાચુંજી ॥ મ૦ ૮ ॥

ઢાળ ૫ મી.

ગોકુળની ગોપીરે ચાલી જળ ભરવા. એ દેશી.

કર ડાબ કરીનેરે ચાહ્યા ગુણ ભરીયા ॥ ધરી વીનય વિ
વહરે જઈ નૃપને મળીયા. ॥ ૧ ॥ ભુપાળના મુખથીરે
વાત સકળની સુણી ॥ સંસાર સ્વરૂપનેરે ચિંતે સાર ગુણી.
॥ ૨ ॥ જં વાત ન જાણીરે વેશ્યા ઘર રમતાં ॥ આતમ ગુ

ણુ હોણીરે ભુલા ભવ ભમતાં ॥ ૩ ॥ કહે અવની રખા-
મીરે સી ચિંતા કીજે ॥ સકડાલને પાટેરે મંત્રીપણુ લીજે ॥
૪ ॥ થુલીભદ્ર કહે તવરે આલોચી આવું ॥ આલોચે આ
ગળરે સુખ સંપદ પાવુ. ॥ ૫ ॥ પરણામ કરીનેરે અશો-
કવને આવે ॥ સમતત્વ વિચારીરે લોચ કરયો ભાવે ॥ ૬ ॥
રત્ન કંબળનોરે તિહાં ઓઘો કીધો ॥ જઈ રાજ્ય સભાયેરે ધર્મ
લાભ દીધો. ॥ ૭ ॥ આલોચ્યું રાજનરે મસ્તક મેં ઈહાં ॥
માહાવ્રત ઉચરવારે જઈસું ગુરૂ જિહાં. ॥ ૮ ॥ કોરયા ઘ
ર મુખેરે નૃપ જોવા ઉઠયો ॥ શખગંધ મુની સમરે દેખી
દિલ તુઠયો ॥ ૯ ॥ થુળિભદ્ર મુનીવરરે પથે સોર ચલી-
યા ॥ સંભુતવિજેગુરૂરે મારગમાં મળીયા ॥ ૧૦ ॥ ગુરૂપ્ર
ણમી બોલેરે મુજને દીક્ષા દિજે ॥ વંદે સુરી સમાનીરે તો
અનુમતી લીજે ॥ ૧૧ ॥ સરીયા કેરીરે તિહાં આણા મા
ગી ॥ આચારજ પાસેરે લીયે વ્રત વૈરાગી ॥ ૧૨ ॥ સુરી
સાથ વિહારીરે સુત નીત અભ્યાસી ॥ આતમસુ વીલા-
સીરે રહે ગુરૂ કુલવાસી. ॥ ૧૩ ॥ સંજમ શું રમતારે નિ
સદિન મુનીરાયા ॥ નહિ મોહને મમતારે રંક સમા રાયા
॥ ૧૪ ॥ ઈછાદીક દસવિધરે વળી સમાચારી ॥ ચોમાસા
ઉપરેરે ગુરૂ અભીગ્રહ ધારી ॥ ૧૫ ॥ કુપાંતર ભાવેરે એ
ક હરી કંદરીયે ॥ અહિબીલ થુળીભદ્રોરે વેસ્યા મંદીરી
યે ॥ ૧૬ ॥ ગુરૂ આણા વિહારીરે પાતકડાં ધુજ્યે ॥ સુભ-
વીર વીચરિરે વેસ્યા વાટ જુયે. ॥ ૧૭ ॥

ઢાળ ૬ ઠી

સાહેલીરે ચેનીને પ્યાલારે તારા જળે ભરયા એ દેશી.

હો સજનીરે પ્રીતમજી પ્યારો હજીય ન આવીયો ॥ હો-
સજનીરે ચાતુરરે નર ખબર ન કોઈ લાવિયો ॥ હો૦ આ
વ્યારે મુજ કરી અવધી ઘડી પ્યારની ॥ હો૦ સુખીયો તે
સું જાણે વેદના નારની ॥ ૧ ॥ હો૦ એક વીરહ દુ
ખ બિજો ઘન જળ ગડગડે ॥ હો૦ દુખીયાના સીર ઉપર
દુખ આવી પડે ॥ હો૦ પાવસ માંસે જલ બરસે ઘન
ઘોરીયો ॥ હો૦ માહારેરે કંદર્પ તણો વન મોરીયો ॥ ૨ ॥
હો૦ ચાલ્યારે૦ હો૦ સુ૦ ॥ હો૦ અંગ વીનાનો પનરે થાનક
ને દહે ॥ હો૦ અંગુઠે ઘુંટીરે જંઘાયે રહે ॥ હો૦ જાનુ
ને સાથળરે ભગ નાભી ફરે ॥ હો૦ પંખને છાતીરે ઉરો
જ ધરે ॥ ૩ ॥ હો૦ ॥ ચા૦ હો૦ સુ૦ ॥ હો૦ ગળસ્થલ
લોચનરે નીલાડે સીરે ॥ હો૦ વિખધર વિખ વ્યાપ્યું મ
ણી મંત્રે હરે ॥ હો૦ બિખયા ઉરગી ડસે મુજ કાયા ગળે ॥
હો૦ લાઝલ દે જાયા વિણ નહી કોઈ જાંગુલો ॥ ૪ ॥
હો૦ ચા૦ હો૦ સુ૦ ॥ હો૦ ચોણીને વેળારે પીઉ આવી મીળે ॥
હો૦ દોગટોયો સણગાર તો મુજને ફળે ॥ હો૦ બપૈયાને
વારે કિમ પીઉ પીઉ કરે ॥ હો૦ પાંખારે છેદીને ઉપર
લુણ ધરે ॥ ૫ ॥ હો૦ ચા૦ હો૦ સુ૦ ॥ હો૦ પીયુ માહરો
હું પીયુને પીયુ પીયુ હું કરૂં ॥ હો૦ થેડુ થોડુ દુખડે

જગ શાખ્યુ સવે ॥ ૬॥ હો૦ સા૦ હો૦ સુ૦ ॥ હો૦ આસાઢે જળ વરસ્યા ગાજે વીજળી ॥ હો૦ વાહાલેસર વિણુ સા સોપારી ઉજળી ॥ હો૦ કાલાંતર સુભવીર મુનીવર આવિયા ॥ હો૦ કોસ્યાયે મુગતાફળસુરે વધાવીયા ॥૭॥ હો૦ સા૦ હો૦ સુ૦॥

ઢાળ ૭ મી.

સનેહી વીરજી જયકારીરે એ દેશી.

વેસ્યાયે વધાવ્યા સ્વામીરે ॥ ઉભી આગળ શા શીર નામીરે ॥ કહે સાંભળો અંતર જામી ॥ ૧ ॥ વાહાલાજીની વાટડી હુમ જોતાંરે ॥ આં૦ ॥ વિરહાનળ દાધી દેહરે ॥ ઘણા વરસ રહી હું ગેહરે ॥ પણ નાવ્યો નગીનો નેહ ॥ વા૦ ૨ ॥ કાંમી સમરે નિસી ઘોરારે ॥ જીમ જળધર ઝંપે મોરારે ॥ જળ ચાતુક ચંદ ચકોરા ॥ વા૦ ૩ ॥ જેઠ માસ તે જીમ તિમ કાઢયોરે ॥ મને મણુ તે વ્યાપ્યો ગાઢોરે ॥ વળી આવ્યો તે માસ અસાઢો ॥ વા૦ ૪ ॥ પડવે દિન પીયુ સાંભરતારે ॥ નિસી ચ્યાર તે ટઉકા કરતારે ॥ ચ્યાર પહોર ગયા દુખ ભરતા ॥ વા૦ ૫ ॥ બીજે બીજીઆને નિહાળીરે ॥ હું બાળપણાની બાળીરે ॥ કહો ગુજને શું કાળી ॥ વા૦ ૬ ॥ ત્રીજે દેખલ એક બન્યુંરે ॥ ઓત્રસાળીએ જીમ રૂપ રાચ્યુંરે ॥ જોતાં મનડું તિહાં લાગ્યું ॥ વા૦ ૭ ॥ ચોથે અવધી ધરી ચ્યારે ॥ ક

રી આલ્યા ચતુર તણી નારરે ॥ હોય ચ્યાર વરસની બાર ॥ વા૦ ૮ ॥ પાંચમ પંચામૃત પાવોરે ॥ પંચ ખાંડ તણી ઝારી વાલ્લોરે ॥ એવો જીવન કાંયે ન આવો ॥ વા૦ ૯ ॥ છઠે છઠકીને ઝહેલીરે ॥ જુઓ ચતુર નાથ સાહેલીરે ॥ હું ધરતી દુખ એકેલીરે ॥ વા૦ ૧૦॥ સાતમ દીન સેજ્યા ઢાળીરે ॥ દીપ ધુપ કુસુમને બાળીરે ॥ કીધુ સયન તે પાસું વાળી ॥ વા૦ ૧૧ ॥ આઠમે ઉઠી પરભાતેરે ॥ સંભારચો પીઊ વર સાતેરે ॥ નિસી નાથ નડચો ઘણુ રાતે ॥ વા૦ ૧૨॥ નવમે નિંદ્રા હિલ આઈરે ॥ જિમ રંગ પતંગ રચાઈરે ॥ વેસી નાગર નાવ સગાઈ ॥ વા૦ ૧૩ ॥ દસમે દેવબ ઘણું માન્યારે ॥ સુકનાવળીએ જોવાણારે ॥ એમ કીધાં જ ખાં ને છાના ॥ વા૦ ૧૪ ॥ અગ્યારસે અંગ નમાવીરે ॥ જોઈ વાટ વાતાપને આવીરે ॥ મને કાંમ નડ્યુ ગયાવી ॥ વા૦ ૧૫ ॥ બારસે દિન બાર ઉઘાડીરે ॥ ઘેર આવી ગ્રહી કર નાડીરે ॥ સુપનાંતર પીઊકે જગાડી ॥ વા૦ ૧૬॥ આજ તેરસનો દિન મીઠોરે ॥ પ્રાણજીવન નયણે દીઠો ॥ આજ અમૃત રસ ઘન બુઠો ॥ વા૦ ૧૭ ॥ ચૌદસ દિન ચિંતા ટળસેરે ॥ હૈયડુ ઘણુ હેજે હુલસેરે ॥ માહારો પ્રેમ તે પ્રેમ શું મળસે ॥ વા૦ ૧૮ ॥ શણગાર સજી સંચર શુંરે ॥ દુરજનીપાંથી નવી કરશુંરે ॥ પુનમ દીન પુરાં તરશું ॥ વા૦ ૧૯ ॥ તેરથ પેઠેલાનો જગાવોરે ॥ નિધી અરપ કરી ઘેર આવોરે ॥ ઘણુ વીર વચનરચું મળા :વો ॥ વા૦ ૨૦

ઢાળ ૮ મી.

સાંભળરે તું સજની મોરી રજની ક્યાં રમી આવીજીરે. એ દેશી.

રાજ પધારો મેરે મંદીર ॥ સંભ્યા પાવન કીજેજીરે ॥ દાશી તુમારી અરજ કરે છે ॥ નરભવ લાહો લીજેજી રસ ભર રમીયેજીરે ॥ ૧ ॥ પુરવ નેહ નીહાળ રસભર રમીયે જીરે ॥ આંકણી ॥ સાન કરંતા સાંમુ જોશું ॥ તુમ આણા શીર ધરશુંજીરે ॥ કોઈ દિવશ તુમને અણગમતું ॥ ॥ કારજ કાંઈ ન કરશું ॥ રસ૦ પુ૦ ૨ ॥ થુળીભદ્ર કહે કોશ્યાને ॥ તથ્ય પથ્ય મતિ વાણીજીરે ॥ પાણી વીના શી પાળ કરે છે ॥ ભોજન વિણુ ઉજાણી ॥ રસ૦ પુ૦ ૩ ॥ ઓઠ હાથ તું અળગી રહીને ॥ દીલ માહે તે કરજેજીરે ॥ નાટિક નવ નવ રંગે કરજે ॥ વળી શણગારને ધરજે ॥ રસ૦ પુ૦ ૪ ॥ ખટરસ ભોજન તુમ ઘર બોહોરી ॥ સંજમ અર્થે ખાશુંજીરે ॥ એમ પરઠીને રહ્યા ચોમાસુ ॥ કોશ્યા કરે હવે હાંસુ ॥ રસ૦ પુ૦ ૫ ॥ વિણ પુછયા સંજમ આચરીયું ॥ પણ તે વ્રત નવી પળિયુંજીરે ॥ તો અમ ઘર આવ્યાજો પાછા ॥ તુમ વ્રત અમને ફળીયું ॥ રસ૦ પુ૦ ૬ ॥ બાર વરસ પ્રેમ વિલશ્યા પણ ॥ એવડો અંતર શાનોજીરે ॥ જોગ રંભ નજી મુજ સાથે ॥ રંગ હતો તે શાનો ॥ રસ૦ પુ૦ ૭ ॥ નીરલોભી નીરમોહી પાણામું

॥ સુખ કારણ અમ રહીશુંજીરે ॥ શામ વસે સુખ વીર જીનેશ્વર ॥ આણા મસ્તક વહીશું ॥ રસ૦ ગુ૦ ૮ ॥

ઢાળ ૯ મી.

તે નારી વિના સુખ ખોયુંરે સુંદર સામળીયા. એ દેશી.

મેં જોગ તુમારો જાણ્યોરે પ્રીતમ પાતળીયા ॥ શી કુડી તાણા તાણ્યોરે પ્રી૦ ॥ તે જોગ તણુ ફળ લેવેરે પ્રી૦ ॥ જે જોગી જંગલ સેવેરે પ્રી૦ ॥ ૧ ॥ વેશ્યા મંદીર તજી જોગરે પ્રી૦ ॥ પુરવે કુણે સાધ્યો જોગરે પ્રી૦ ॥ આ ચીત્રશાળી મન માનીરે પ્રી૦ ॥ પંચ બાણ તણી રાજધાનીરે પ્રી૦ ॥ ૨ ॥ જોતાં રઢ લાગશે તમનેરે પ્રી૦ ॥ જોગ ભલી મનાવશો અમનેરે પ્રી૦ ॥ પડવાઈ કહી લોક ગાશેરે પ્રી૦ ॥ ત્યારે જોગ તણાચો જાશેરે પ્રી૦ ॥ ૩ ॥ તે માટે વચન મુજ માનોરે પ્રી૦ ॥ હવણાં જોગ છંડો છાનોરે પ્રી૦ ॥ રમો રંગભરે તજી આંટીરે પ્રી૦ ॥ મને મોટી પ્રેમની ઘાંટીરે પ્રી૦ ॥ ૪ ॥ ચોમાસુને ચીત્રશાળીરે પ્રી૦ ॥ તુમ લાગે મળી લટકાળીરે પ્રી૦ ॥ રસ પ્રેમ હીંડોળે હીંચોરે પ્રી૦ ॥ તરણી તન સેજડી સીંચોરે પ્રી૦ ॥ ૫ ॥ ધરી મન પીતાંબર પેહેરોરે પ્રી૦ ॥ રસ દીપક ભાવે દોહરોરે પ્રી૦ મુજ બાંહે ગ્રહીને લીજેરે પ્રી૦ ॥ કરી પ્રેમ ન અંતર કીજેરે પ્રી૦ ॥ ૬ ॥ મમ પુરણ સ્યો દીલ માંડોરે પ્રી૦ ભોગ ભલો સેજડી સાંઢોરે પ્રી૦ ॥ રજની મઈ સુની સજ્જા

રે પ્રી૦ ॥ આવડી કધી શીખ્યા અજાણરે પ્રી૦ ॥ ૭॥ અભિમાને ચઢોઓ બળીયારે પ્રી૦ રામા રસ કુણ જવી ગળીઞારે પ્રી૦ ॥ ઇંદ્રાદિક જે સાહપાળારે પ્રી૦ ॥ સપ્પણા અપણા ઓશીયાળારે પ્રી૦ ॥ ૮ ॥ રહી આળી બ કરજોડીરે પ્રી૦ ॥ કાંઈ કોશ્યા આઇ મચકોડીરે પ્રી૦ ॥ સુભ વીર વચન મુનિ આલેરે પ્રી૦ ॥ રૂપી રામા પટંતર તોલેરે પ્રી૦ ॥૯॥

ઢાળ ૧૦ મી.

દેવરાયા રમો રમાણી રસ મેલીને એ દેશી.

રમણીશું રંગ રસે રમતાં ॥ સાધુનું સંજમ જાય રંગીલી રમા મારગડો મલીને ॥ પ્રેમદા પાહરવી મુનીવરને ॥ એકાંતે કહે જીનરાય રંગીલી ॥ રમા૦ ૧ ॥ જિમ ગુણ જાય કસ્તુરીનો ॥ જો દીજે હીંગનો વાસ રં૦ ॥ કપુર તણો ગુણ જિમ ગળે ॥ ધરીએ જો લસણને પાસ રં૦ ॥ રમા૦ ૨ ॥ વર પંડિત મુર્ખને સંગે ॥ વાયસ ટોળામાં હંસ રં૦ ॥ પાપીષ્ટ અનાચારી સંગે ॥ ધરમીષ્ટપણું કુળ વંસ રં ॥ રમા૦ ૩ ॥ અલછ અંકુરે રસાઈ તણું ॥ જાંબુ સંગે જીમ દ્રાખ રં૦ ॥ ગળી પાસે ઉજળ વણું ધટે ॥ એરિ સંગે સુખ આખ ॥ રં૦ ૪ ॥ તિમ માનની સંગે મુનીવરા ॥ શુલીભદ્ર કહે સુણ નાર ॥ રં૦ ॥ ખીણ માત્ર મહીલાશું માણે હોવે દુરગતી દુખ ભંડાર ॥ રં૦ ૫ ॥ શું વ્યાકુળતા થઈ વિરહણી ॥ મેં વચ કીધો છે કામ ॥ રં૦ ॥ સુભ વીર વચનની ચાતુરી ॥ કોશ્યા વેશ્યા કહે તામ ॥ રં૦ ૬ ॥

ઢાળ ૧૧ મી.

રાજ કુળે રહ્યા રાજીકા પાતળીયાજી. એ દેશી.

કોઈ જોઈરે જોગ તણી દશા અળખામણાજી ॥ તમા નારીની નિંદા વરૂયા અળખામણાજી ॥ મન ગમતાં ભુષણ ભાવતા અ૦ ॥ સુંદર શણગાર ધરાવતા અ૦ ॥ ૧ ॥ કર ઝાલીને બેસારતા અ૦ ॥ કરતા વલ્લભ વારતા અ૦ ॥ વર કવલ કરી ધૃત બોળીયા અ૦ ॥ મેં તુમ મુખ માંહે મેલીયા અ૦ ॥ ૨ ॥ વળી તુમચે હાથે હું જમી અ૦ ॥ તુમ ઉછંગે રંગે રમી અ૦ ॥ હવે ઉપરાઠા તુમે થયા અ૦ તે દિવસ તુમારા કિહાં ગયા અ૦ ॥ ૩ ॥ હોયાંકર દેખતા કીમ કહો અ૦ ॥ કાંઈ પ્રીતની વાત નવી લહો અ૦ ॥ હોય કાન સુરત એક રીતડી અ૦ ॥ હોય વચન વતી સમ પ્રીતડી અ૦ ॥ ૪ ॥ આભાવ વિણસે સંજમ વરી અ૦ ॥ ગુણ ગણવી ધરે ગરવે કરી અ૦ ॥ શાકીની દશા સુરૂપ હરે અ૦ ॥ બહુ તપ વિણસે કોપજ ધરે અ૦ ॥ ૫ ॥ રજ લેપ વિનાસે દેહને અ૦ ॥ તિમ વિરહ નસાડે સ્નેહને અ૦ ॥ જગ દાન થકી કીરતી રહે અ૦ ॥ ગુણ વિનય થકી ગુણ લહે અ૦ ॥ ૬ ॥ સતી દર્સન સાગર વધે અ૦ ॥ ઉદ્યમ કરતાં લખમી વધે અ૦ ॥ કુળ લજ્જા રહે આચરણથી અ૦ ॥ નર રાજ વધે વ્યવહારથી અ૦ ॥ ૭ ॥ ખાન પાન ગુણી વધે અ૦ ॥ કીમ પ્રેમ પદે કણી [illegible]

અ૦ ॥ આ દિન વચન નારી વદે અ૦ ॥ નવી ભેદેકીમ ભુમધ્યે રૂદે અ૦ ॥ ૮ ॥ ચ્યાર પોહર વાતી જળે અ૦॥ પણ લોક કહે દીવો બળે અ૦ ॥ શુભ વીર ધીર મુનીતો પદે ॥ અ૦ ॥ જો પાવઈને પાનો ચઢે અ૦ ॥ ૯ ॥

ઢાળ ૧૨ મી

મને ચ્યાલી જસોદાને છયેઈરે એ દેશી.

થુળીભદ્ર કહે સુણ બાળારે ॥ તું સ્પાને ટરે છે ચાળારે ॥ વીનીતાસુ ભસ વિલાસરે ॥ તે નર દુનીયાના દાસરે ॥ ૧ ॥ જોવનીયાનો જે લટકોરે ॥ તે તો ચ્યાર દીવસનો ચટકોરે ॥ પછે કાચનો સીસો ભટકયોરે ॥ કોઈ કામ ન આવે કટકયોરે ॥૨॥ જુગટીયાનો અલંકારરે ॥ નાટકીયાના સીણગારરે ॥ ધનવંત હુઓ નીરભાગ્યરે ॥ જેહવાં સંધ્યાઈ રાગરે ॥ ૩ ॥ કુપલ પીપલનું પાનરે ॥ કપટી નરનું ગુન ધ્યાનરે ॥ ભુપાળ તણું ઘણું માનરે ॥ ચલ કુંજર કેરો કાનરે ॥૪॥ ચંચળ નારીનાં નયણારે ॥ દુરિજનનાં મીઠાં વયણારે ॥ ઘડિ ચ્યાર તણી ચાંદરાણીરે પછે ઘોર અંધારી રયણીરે ॥ ૫ ॥ સંસાર સ્વરૂપને દેખીરે ॥ મેં જાણી તુજને ઉવેખીરે ॥ કોઈ વાલ્હને તાજુવે તોલેરે ॥ પવને કન કાચળ ડોલેરે ॥ ૬ ॥ રવી ચંદા ચારને ચુકેરે ॥ જળધી મર્યાદા મુકેરે ॥ અસોકમાંહે હોય ભાવુરે ॥ પણ હું તુજ હાથ ન આવુરે ॥ ૭ ॥ પુરવે રમીયા રંગ રાગેરે ॥ આ

જ તું પગ મોજડી તાણરે ॥ પેહેલા તો કાંઈ ન હોતુંરે ॥ હવે સંજમ લાગ્યું છે મીઠુંરે ॥ ૮ ॥ માપ બાપને એ પરી હરીયાંરે ॥ માત તાત નવાં એં કરીયાંરે ॥ તજી બાંધવ કુડી સગાઈરે ॥ એં કીધા નવા દશ ભાઈરે ॥ ૯ ॥ દો ય નામ છે ગીતસાળીરે ॥ પરણી ધરણી ભટકાળીરે ॥ વીણુ તેલ દીપક અજુઆળીરે ॥ સ્પાર સજ્યા તે નીત ઢાળીરે ॥ ૧૦ ॥ નિત અન્ન ભોજન જમીયેરે ॥ રસ રં ગભરે ખેર રમીયેરે ॥ સુગ્રી ધુપ ઘટી પ્રગટાવે ॥ તિહાં તાહરૂં કાંઈ ન ફાવેરે ॥ ૧૧ ॥ નવ કોટ વચ્ચે એક ગા મેરે ॥ નીતુ રહીએછે તીણે ઠામરે ॥ સ્વામી ખળીયા સી ર તાજ ॥ સુભ વીર પ્રભુજી રાજરે ॥ ૧૨ ॥

ઢાળ ૧૩ મી

આવો હરી લાસરીઆ વાલા, એ દેશી.

કોસ્યા કહે સુણજ્યો સુમને ॥ આસ નીરાસ કરશો અમ ને ॥ પ્રીતમજી ન ઘટે તુંમને ॥ ૧ ॥ રસીલા સાથે અમ રમસુ ॥ ઉઠી પ્રભાતે સદા નમસુ ॥ નીત્ય જમાડી પછે જમસું ॥ રસી૦ આં૦ ॥ એહ સગાઈ નવી કરવી ॥ પી ઉ ન ઘટે મતી એ ધરવી ॥ પુરવ નારી પરીહરવી ॥ ૨૦ ૨ ॥ બાર વરસ સુખ સાંભરતાં ॥ સાલે હઈડામાં ખટ કતાં ॥ આજે આંસુડાં ઝરતાં ॥ ૨૦૩ ॥ માસ આસોડે અ નેક ફ્રને ॥ દશ વિધ તરૂ વેલી વળે ॥ વલ્લભ વિરહે તેહ બળે

૨૦ ॥ ૪ ॥ શ્રાવણીયા સીંચે ધરતા ॥ મોરલડી ટહુકા ક
રતો ॥ ખાંતીલો કામ વસ્ત્ર ઝરતો ૨૦ ॥ ૫ ॥ ભાદરવે ભ
ર જળ વરસે ॥ પંખી યુગળ માગે ફરસે ॥ વીરહી નારી
કિસ્યું કરસે ૨૦ ॥ ૬ ॥ આસો માસે દીવાળી ॥ સા-
કર સેવને સુંઆળી ॥ છાંડી થાળી પીઉ ભાળી ૨૦ ॥ ૭
॥ દુખ સીતા સરખી ભોગવનમાં ॥ કાંતકે કેલી તણાં વનમાં
॥ દેખી સાલે ઘાયું મનમાં ૨૦ ॥ ૮ ॥ માગસીરે મનમ
થ જાગે ॥ મોહનાં બાણુ પણાં વાગે ॥ દુખ મોહન મ
ળતાં ભાગે ૨૦ ॥ ૯ ॥ પોસને માસ કરે દ્યાન સુંદરે સો
પારી પાન ॥ વલભ વિણ નવ ભેવાન ૨૦ ॥ ૧૦ ॥ મા-
હા માસે ટાઢયો પડસે ॥ સીતળ વાયુ વપુ અડસે ॥ કામ
અનંગી ઘણું નડસે ૨૦ ॥ ૧૧ ॥ ફાગુણે ખડખડતી હો-
ળી ॥ પેહેરા ચરણાંને ચોળી ॥ કેસર ઘોળી મળી ટોળી
૨૦ ॥ ૧૨ ચૈત્ર વસંત મધુ રમસે ॥ કોયલ અંબવને ભ-
મસે ॥ તે દીન મુજ સાથે ગમસે ॥ ૨૦ ૧૩ ॥ વૈસાખે સ
રોવર જળસું ॥ કેતકી ચંદન વન રહિસુ ॥ દેખી ચ
ક્ષબળ થઈસું ૨૦ ॥ ૧૪ ॥ પંખી પશુ પ્રેમના મળા ॥
જાળીએ મધ્ય નિસા વેળા ॥ જેઠ ભપોરે મળી ભેળા
॥ ૨૦ ૧૫ ॥ મોહન માંડવા મોહેર કરી ॥ દઈતાં દેખી દુખ
ભરી ॥ બારે માસ વિલાસ ધરી ૨૦ ॥ ૧૬ ॥ નાહિક રં
ગ રસ કરસું ॥ ગૃહ બેઠી વિરહું ધરસું ॥ કહે મુળવીર
જની ભજસું ૨૦ ॥ ૧૭ ॥

ઢાળ ૧૪ મી

આવો આવોરે જસોદાના કાન ગોઠડી કરીયેર આ દેશી.

મુનિરાજ કહે સુણ વેશ્યા હાવન આવ્યારે ।। દેવા તુજને ઉપદેશ અમો ઈહાં આવ્યારે ।। ૧ ।। ગયો એટલો કાળ વિસેસ કદા નવી કરીયેરે ।। સાહેબીપાનો ઉપદેશ સદા અનુસરીયેરે ।। ૨ ।। જીન ધર્મ વસ્યો સીવ નારીના સુખ ચા ખેરે ।। કાંયે એ સંસાર અસાર ગયો વ્રત પાખેરે ।। ।। ૩ ।। સંસાર માંહે એક સાર વલભ નારીરે ।। છાડે તેહેને ધિકાર ગયા ભવ હારીરે ।। ૪ ।। મેં દયાનની તાળી લગાઈ ।। નીશાન ગઢાયારે ।। સીળ સાથે કીધી સ ગાઈ તજી ભવ માયારે ।। ૫ ।। વાહલા એક દીવસરીસાણી હની તુમ સાથેરે ।। કીમ બોલાવી ચીર તાણી તદા હોય હાથેરે ।। ૬ ।। સુરા પાને ભવી ભવ લોક સ્યું સ્યું ન કરતારે ।। કિંપાક ફુલાસી લોક પછે દુખ ધરતારે ।। ૭ ।। મને વિર હ તાણી બીણ બાંયે વરસસ માણીરે ।। ઘણી મોહ તણી સુ વાય વસીવસ્યો પાણીરે ।। ૮ ।। તાહરે મોહ જન કર સુ બોલ ભોગ ન છુટેરે ।। બંભ્યારી તળપની તોલ ત સેંકુંન ત્રુટેરે ।। ૯ ।। નાગર નીરદય નીત બોલે મહુંરે ।। કાળભમાં કપટની વાત મેં પરતક્ષ દીઠુંરે ।। ૧૦ ।। સુ ક હીયે અનાણી લોકને દુખ લાગેરે ।। અડી મહી સાધુના તર

ક્રોક કહ્યું વીતરાગેરે ॥ ૧૧ ॥ વીતરાગ શું જાણે રાગ રં ગની વાતેરે ॥ આવો દેખાડું રાગનો લાગ પુનમની રાતેરે ॥ ૧૨ ॥ સણગાર તજી અણગાર અમ નીર લોભીરે ॥ નવ કલ્પી કરસુ વિહાર મલી તને ઉભીરે ॥૧૩॥ વાલા બાર વરસ લગે કેઠ લાડ લડાવીરે ॥ કિમ નાંખો ધરણી હેઠ મરચે ચઢાવીરે ॥ ૧૪ ॥ કાક તાલીને ન્યાયે ત નરભવ લાધ્યોરે ॥ થઈ પંચ માહાવ્રતવંત મરૂધરે વાધ્યોરે ॥ ૧૫ ॥ જુઓ નાટિક જો એકવાર નયણ વિકાસીરે ॥ પછે સંજમ લેજ્યો સાર વિચાર વિમાસીરે ॥ સુભવિર સહેલી બહુતેર નાટિક નયણારે ॥ ગેક એક ગાથા અંતર બેહુના વયણારે ॥ ૧૭ ॥

ઢાળ ૧૫ મી

રાજ ઉછવે લાવની એ દેશી

મજન ચોર તિલક આદાંત ગતુર શણગાર સકાર ધરી ॥ મનોહર સીરવર ઓવર ચંભી કૌસંભીકી લાભ કરી ॥ ૧ ચિહુ દિસ બાળી ફુલકી જાળી દીપક માળી જોત વરી ॥ સુર પરણામ સકામ હુરામા રામા રંગે ગેલ કરી ॥ ૨ ॥ નવ નવ રંગે છંદ છપૈયા ઉચરીયા રસ ગુણ ભરીયા ॥ ઠમક ઠમક પગ ભુતલ ઠમકે ઝમકે રમઝમ ઝાંઝરીયા ॥ ૩ ॥ રૂદયા નંદન કેતકી ચંદન ફુલ અમુલ મલક મલકે ॥ ખલક ખલક કર કંકણ ખલકે ઝલક ઝબક કી

કા ઝળકે ॥ ૪ ॥ ઝરમર ઝરમર મેહુલો વરસે જળસેં ભ
રી ભરી વાદળીયો ॥ ધનન ધનન ધનઘોર અઘોર ગાજે
રાજે વીજળીયો ॥ ૫ ॥ કુહુક કુહુક અવિવેકા નેકા બે
કાસો રસ જોર ઘને ॥ કુહુક કુહુક રસીલા નીલા કોકી
લા સહકાર વને ॥ ૬ ॥ બહુત પીપાસી મેઘ જલાસી ફુ
લી વન વાસી વેલડીઓ ॥ પ્રેમ તણા રસ રેલા આયા
પણ શુળીભદ્ર નવી પડીયા ॥ ૭ ॥ ટહુક ટહુક ગીરીકે
કાંઠે કાકર કેતકી મ્હાલે છે ॥ વયરિની પેરે એ વરસાલો
[illegible]વરહીને બહુ સાલે છે ॥ ૮ ॥ ધપમ પમા દલકે ધો
કારા કંસ તાલ વિણા ભમ્મીરી ॥ તાથેઈ તાથેઈ તાન ન
ચુકે મુકેને તસ હેત ધરી ॥ ૯ ॥ ફરસત પિણતર કુતલ
બુનલ ચંચળ અંચળ કરલેતી ॥ ગીત રીત મદ મોદ વિ
નોદે ફરક ફરક ફુદડી દેતી ॥ ૧૦ ॥ લલક લલક ઢળકતી
કાયા કામટલા યામ છાયા ॥ જીવનકે ફરી નેહ ઉપાયા
બચન વદ કરતી આયા ॥ ૧૧ ॥ પ્રીતમ પ્રેમકી વાત પી
યારો ભમન ભમન રોતો ભમરો ॥ દેખા કેતકી ભરમે
લોહિત પંડીત પુછત કાંઈ કરો ॥ ૧૨ ॥ ભમર કહે આપ
દેહ દહે એક વિરહે કેતકી નારી તણે ॥ તસ રક્ષાયે વિરહે
સમસુ રમસુ નહી મરૂએ દમણે ॥ ૧૩ ॥ કહે કવીતા
સાંભલતા સખ તનુ પીળી પુંઠ કિસ્યુ કીધી ॥ પ્રભકી એ
ટ લગી આપ બહુલી તાસ ઉપર હળધી દીધી ॥ ૧૪ ॥
કર પ્રીત બદને લટકે ચટકે મટકે નવી અટકે રાગે ॥

મીતકી રીત અનોપમ નાટીક કરતાં પ્રેમદા ના માગે ॥ કહે મુની હેલી સુણો અલબેલી નાટીક નવી કરતાં આવે ॥ શ્રી સુભ વીર વજીર પસાએ ભવ નાટીક સુણજ્યો ભાવે ॥ ૧૬ ॥

ઢાળ ૧૬ મી.

દેશી મોરલાની

મેઘ રાગ ઉભૈરવ રાત્રે ॥ કરીયારે ઉદયની વેળા ॥ માલવ કોશીકા ॥ પહોર સમે મધ્યાને હીંડોળો દીપક રે ॥ પાછલે પોહોરે શ્રી ઉપદેસી ॥ કાનાટિક મ ન દીઠું એ તોલે સીકા ॥ ૧ ॥ સંસારે વસી ઉરાગે ॥ તાણીઉ ભવ હારે રસીયો ॥ જાતે વાણીઉ વગડાનો વાસી ॥ આસી પ્રાણીઓ અવીનાસી ॥ નીકાસી પરમ ન જાણીયો ॥ આંકણી ॥ ચૌદ રાજ ચઉટામાં વેશ બનાવેરે ॥ મિથ્યાત્વે સુરિ રાત્ય અંધારીયો સુક્ષ્મ ॥ બાદર પજ અપજ નીગોદ રે ॥ નાટિકમાં ન ભુલ્યો મોહે મારીયો ॥ નાઠાની ન દીઠી એકે બારીયો ॥ ૨ ॥ સ૦ બ૦ વ૦ આ૦ વિગલેદ્રી પંચેદ્રી થયો અનુક્રમેરે ॥ રૂપ દયાની દો ભાગી વળી સૌભાગીયો બાળક દાવિક કરાલકંદા ભુપાળોરે ॥ અવિવેકી પંડિત રસનો રાગીયો ॥ રમણીને રંગે કોઈ દીન લાગીયો ॥૩॥ સં૦ બ૦ વ૦ આ૦ જનરંજન ઉપદેસ ઉદરને ભરીઉરે ॥ ભોગીને જોગી વેશ બનાવીઉ નાગરને ચંડાળ થયો ભર

પોઉરે ॥ દોઉરે આગે દાસ કહાવીચું ॥ સોધીનો વેશ કહા
ણવી લાવીઉ ॥૪॥ સં૦ બ્ર૦ વ૦ અ૦ ॥ માતને બેન થયા
નારી તિમ માતેરે ॥ ભ્રાતને તાત હુઆ સંતાનમાં ॥ ભુ
અંડળ ઠાકુરિયો થઈને બેઠારે ॥ સુણજોરે સાને કોશ્યા
કાનમાં એકલડો રાચ્યો કોઈ દીન રાનમાં ॥ ૫ ॥ સં૦
બ્ર૦ વ૦ અ૦ ॥ ચઉદ પુરવધર પોહતા તે સુરલોકેરે ॥
પુરવ સુત દેશ થકી સંભારતા ॥ ચરણ ધરમ ધરવાની તાસ
ન શકુતીરે ॥ વિષયા કુળ ચિતે સુખને શોધતા ॥ અનુગા
મી અવધાનાણી દેવતા ॥ ૬ ॥ સં૦ બ્ર૦ વ૦ અ૦ ॥
લિંગ અનંતા ધરિયા કામ ન કરીયારે ॥ હોળીનો રાજ
ગુણ વિણ સંજમી નવ વિધ જીવની હીંસા નીંદય કીધારે
॥ વાસુદેવ ચક્રી ચઉદ રતન વમી નારકીમાં પોહતા ગુણી
જનને દમી ॥ ૭ ॥ સં૦ બ્ર૦ વ૦ અ૦ ॥ જાતીસમરણ
નાણે નારકી જાણેરે ॥ પુરવ ભવ કેરો સુખની વારતા દશ
વીધ વેદન છેદન ભેદન પામેરે ॥ આહુને પાળી તિર્યંચે
જતા માતાને પુત્ર વિવેક ન ધારતા ॥ ૮ ॥ સં૦ બ્ર૦ વ૦
અ૦ શ્રી સુભ વીર ગુરૂનાં વયણ રસાળાંરે ॥ સાંભળતાં
વેશ્યા ચિત ઉપસામીચું ॥ ત્રિકરણશ્યું ગંઠી ભેદ કરંતારે ॥
મીથ્યાત અનાદી કેરૂ વામીચું કોશ્યાયે સુધુ સમકીત પા
મીયુ. ॥ ૯ ॥ સં૦ બ્ર૦ વ૦ અ૦ ॥

ઢાળ ૧૭ મી.

ક્રસ્ન સખુણાં નાથ મારે ઘેર આવોને. એ દેશી.

મીથ્યાત વામીને કોશ્યા સમકિત પામીરે ॥ હર્ષ
થયો અતી રેક વાલા ॥ પારસ લોહ વિવેક વાલા ॥ વ
ચન કહે શા છેક વાલા ॥ આશ્રવ તે સંવર થયોરે ॥
આહારે સુણો મુનીરાય વાલા ॥ લાછલદે ધન માય વાલા
॥ ધન ધન તુમ ગુરૂરાય વાલા ॥ ૧ ॥ ધન ધન એ
ચીત્રશાળી રસાળજ મારેરે ॥ સમકીત મુળ વ્રત બાર વા
લા ॥ સાધુજી પાસે સાર વાલા ॥ ઉચરીયા ધરી પ્યાર
વાલા ॥ કરે સામાયક નીત પ્રતેરે ॥ ચોમાસુ વહી જાય
વાલા ॥ સાધુ વિહાર કરાય વાલા ॥ કોશ્યાને દુખ થાય
વાલા ॥ ૨ ॥ જુએ ગુરૂજી વાટ અમે હવે જઈશુંરે ॥
પુજજ્યો જિન જયકાર વાલા ॥ પાળજ્યો વ્રત બાર વા
લા ॥ ટાળજ્યો અતીચાર વાલા ॥ એમ શીખામણ દેઈ
કરીચે ॥ ચાલંનાં અણગાર વાલા ॥ કોશ્યા આંસુ ધાર
વાલા ॥ ધર્મ સ્નેહનો પ્યાર વાલા ॥ ૩ ॥ દુઃકર દુઃકરકાર
કહે ગુરૂરાયારે ॥ સીંહ ગુફા મુની ખેદ વાલા ॥ દુઃકરકાર
ઉમેદ વાલા ॥ ચાલ્યા ગુરૂ વચ છેક વાલા ॥ કામણગારી
નિલોકતાંરે ॥ ચળીયા કામને વેશ વાલા ॥ કોશ્યાને ઉપ
દેશ વાલા ॥ થીર કીધો મુની વેશ વાલા ॥ ૪ ॥ રથકાર
પ્રતિબોધ લહયો કોશ્યાથીરે ॥ પંચ માહાવ્રતધાર વાલા ॥

પામ્યો સુર અવતાર વાલા ॥ કોશ્યાને ઉપગાર વાલા ॥ કોશ્યા ધર્મ કરીને ગઈરે ॥ સુખ ગતી અવતાર વાલા ॥ અલ્પ કરયો સંસાર વાલા ॥ ધન ધન એ જગ નાર વાલા ॥ ૫ ॥ આઠ વરસમાં આઠ પુરવ મુની ભણીયારે ॥ એમ નીત નીત અભ્યાસ વાલા ॥ ભદ્રબાહુ ગુરૂ પાસ વાલા રેહેતા ગુરૂ કુળ વાસ વાલા ॥ અરથ થકિ ચઉદપુરવ ભણીયારે ॥ કોઈ કહે દસ સાર વાલા ॥ સુત્રે અતિમચ્યાર વાલા સુત કેવલી નીરધાર વાલ ॥ ૬ ॥ ત્રીસ વરસ ઘરવાસ વિલાસે દસીયારે વરસ વ્રતે ચોવીસ વાલા ॥ યુગપદેપી સ્તાલીસ વાધા ॥ આયુ નવાંણુ વરીશ વાલા ॥ શ્રી સુ-ભવીર પ્રભુ થકીરે વરસ પંનર સતદોય વાલા ॥ સુરલોકે સુર હોય વાલા ॥ એ મુની સમ નહી કોય વાલા ॥ ૭ ॥

ઢાળ ૧૮ મી.

પ્યારા સરદ પુનમનો રાતરંગ ભરે રમીએ મલારે.

એ દેશી.

ગાયો ગૌત્ર ગુણ દ રસ વૈરાગ્ય ધણો આણ્યોરે ॥ મુની વરલા રકમાએ ચઉદ થુણીયો લાછલદે જાયોરે ॥ ૧ ॥ ચોરાસી મો ચોવીસીએ એક મુની થુલીભદ્ર સમા થાસેરે ॥ તાસ પટતર વ્રતની ટેક ગુણીજંન જિન મુખથી ગાસેરે ॥ ૨ ॥ તપગછમાં કેસરીયો સિંહ સિંહ સુરી સુતજળ હરીયોરે ॥ સત્ય વીજય સંવેગીની રીહ કપુરસમુ જલ ગુણ ભરીયારે ॥

૩ ॥ ખિમા વિજય વસી ઊપસાંત સુજસ વિજય અંતે વા સીરે ॥ પંડીત શ્રીસુભ વિજય મહંત જગ જિનમત થિર- તા વાસીરે ॥ ૪ ॥ તાસ વિનયે એ અણગાર શાસ્ત્ર તણી સાખે ધ્યાયોરે ॥ સહેસ અઢાર સીલંગના ધારી ઢાલ અ- ઢાર કરી ગાયોરે ॥ ૫ ॥ અઢારસે બાસેઠ સુદ પોસ બારસ ગુરૂવારે ધ્યાઈરે ॥ રાજનગર મુનીવર નીરદોસિ સીયલવેલી એમ ગાઈરે ॥ ૬ ॥ ધર્મ મોહોછવ સમ શાસ જોઇ નર- નારી સુણસે ભણસેરે ॥ કહે કવીવીર વિજયનીજ તેહ સુ- ચી વીમળા કમલા વરસેરે ॥ ૭ ॥ ઈતિશ્રી થુલિભદ્ર મુ નીની સીયલવેલ સંપુર્ણ ॥

શ્રી થુળિભદ્રજીની સજાઓ.

શ્રી થુળીભદ્ર મુની ગુણમાં શીરદારજો ॥ ચોમાસુ આ વ્યા કોસ્યાને ઘેરજો ॥ ચિત્રામણશાળાયે તપ જપ આદરયો જો ॥ આદરીયા વ્રત આવ્યાછો અમ ઘેરજો ॥ સુંદરી સુંદર ચંપકવરણી દેહજો ॥ હુંગ તુમ સરીખા મળો આ સંસારમાંજો ॥ ૧ ॥ સંસારે મેં જોયું સકળ સ્વરૂપજો ॥ દરપણની છાયામાં જેવું રૂપજો ॥ સુપનાની સુખલડી ભુખ ભાગે નહીંજો ॥ ૨ ॥ ના કેહેશો તો નાટિક કરશું આજ જો ॥ બાર વરસની માયા છે મુનીરાજજો ॥ તે છોડી છોડી કેમ જાઉ હું આશા ભરીજો ॥ ૩ ॥ આશા ભ રીયા ચેતન કાળ અનાદીજો ॥ ભમીયો ધર્મને હેતુ પયો

પરમાદીજો ॥ જ જાણી મેં સુખની કરણી જોગ-ણીજો ॥ ૪ ॥ જોગી તો જંગલમાં વાસા વશીયાજો ॥ વેશ્યાને મંદીરીયે ભોજન રશીયાજો ॥ તુમને દીઠા હેવા સંજમ સાધતાંજો ॥ ૫ ॥ સાધશું સંજમ ઈછારોધ વિચારીજો ॥ કુરમાં પુત્ર થયા નાણી ઘરબારીજો ॥ પાણી માંહી પંકજ કોરૂ જાણીયેજો ॥ ૬ ॥ જાણીયે તો સઘળી તુમારી વાતજો ॥ મેવા મીઠા રસવંતા બહુ જાતજો ॥ અમ્રર ભુખણ નવ નવલી ભાતે લાવતાજો ॥ ૭ ॥ લાવતા તો તું દેતી આદરમાનજો ॥ કાયા જાણે સંધ્યારંગ સમાનજો ॥ ઠાલીને શી કરવી હેવી પ્રીતડીજો ॥ ૮ ॥ પ્રીતલડી કરતાને રંગ ભેર સેજજો ॥ રમતાને દેખાડંતા ઘણું હેતજો ॥ રીસાવી મનાવી મુજને સાંભરેજો ॥ ૯ ॥ સાંભરે તો મુનીવર મનડું વાળજો ॥ ઢાંકયો અગની ઉઘાડે પરજાળજો ॥ સંજમ માંહી એછે દુષણ ખાટકુજો ॥ ૧૦ ॥ ખાટકુ આવ્યું તું નંદનું તેડુંજો ॥ જાતાં ન વહે કાંઈ તુમારૂ મનડુંજો ॥ મેં તુમને ત્યાં કોલ કરીને મોકલ્યાજો ॥ ૧૧ ॥ મોકલ્યા તો મારગ માંહી મળીયાજો ॥ સંભુતી આચારજ સાને બળીયાજો ॥ સંજમ દીધું સમકીત તેણે શીખવ્યુંજો ॥ ૧૨ ॥ શીખવ્યું તો કહી દેખાડો અમનેજો ॥ ધર્મ કરંતા પુન્ય વડેરૂ તમનેજો ॥ સમતાને ઘેર આવી વેશ્યા એમ વદેજો ॥ ૧૩ ॥ વદે મુનીસર સંખાને પરીહારજો ॥ સમકીત મુળે શ્રાવકનાં વ્રત બારજો ॥ પરણાતી પાતાદીક થુળથી ઉચરે

જી ॥ ૧૪ ॥ ઉચરે તો વીત્યું છે ચોમાસુંજી ॥ આગ્ના લઈને આવ્યા ગુરૂની પાસેજી ॥ સુતનાણી કેહેવાણા ચોદ પુરવીજી ॥ ૧૫ ॥ પુરવી થઈને તાર્યા પ્રાણી અનેકજી ॥ ઉજળ ધ્યાને તે ગયા દેવલોકજી ॥ રીખભ કહે નીત તેને કરીયે વંદનાજી ॥ ૧૬ ॥

તિરથ ત નમુરે એ દેશી.

શ્રી મહાવીર જીનેસરૂ ॥ ત્રિભુવન ગુરૂજી ॥ તસુ અનુક્રમ પટ ધાર ॥ ૧ ॥ શ્રી થુળીભદ્ર નમો ॥ એ આંકણી ॥ પાડળીપુર સોહામણુ ॥ મહી મણુજી ॥ તિહા પાયો અવતાર ॥ શ્રી૦ ૨ ॥ નંદન નરીંદ મંત્રીસરૂ ॥ ગુણ આગરૂજી ॥ શ્રી સકડાળ સુપુત્ર ॥ શ્રી૦ ૩ ॥ લાછલદે નંદન ભલો ॥ મુની ગુણ નીલોજી ॥ નાગર દ્વીજ કુળ દીપ ॥ શ્રી૦ ૪ ॥ શ્રી સંભુત વિજય ગુરૂ ॥ પુરવ ધરૂજી ॥ વ્રત લીધાં તસુ પાસ ॥ શ્રી૦ ૫ ॥ કોસ્યા વેસ્યા પ્રતિબોધવે ॥ સસદ ગુરૂ લવેજી ॥ દુક્કર દુક્કર કાર ॥ શ્રી૦ ૬ ॥ ચોદ પુરવ શિસ્યા મળી ॥ શુત કેવળીજી ॥ શ્રી ભદ્રબાહુ સમીપ ॥ શ્રી૦ ૭ ॥ સંજમ પાળ્યો નીરમળો ॥ ત્રીવિધે ભલોજી ॥ જંગમ યુગ પરધાન ॥ શ્રી૦ ૮ ॥ પંચ માસ પંચ દિન સહી ॥ ઉપર કહીજી ॥ વરસ નીવાણુ આય ॥ શ્રી૦ ૯ ॥ કરી અણુસણ આરાધના ॥ સુભ ભાવનાજી ॥ પુહતા સ્વર્ગ મઝાર ॥ શ્રી૦ ૧૦ ॥ ચુલસી ચો

વીશી લગે ॥ જસ ઓગમગેજી ॥ રહિસ્યે જેહનો નામ ॥ શ્રી૦ ૧૧ ॥ વસુ યુગ વસુ ચંદ્ર વછરે ॥ પાડળી પુરેજી ॥ જસુ પદ થાપના કીધ ॥ શ્રી૦ ૧૨ ॥ વાચક અમ્રત ધર્મનો ॥ શીષ્ય સુભ મનોજી ॥ સીસ ક્ષમા કલ્યાણ ॥ શ્રી૦ ૧૩ ॥

ચાંપો મોર્યોહે આંગણે ॥ પરિમલ પુહવી ન માય ॥ પાસે ફુલીહે કેતકી ॥ ભમર રહ્યોહે લોભાય ॥ ચાં૦ ॥ ૧ ॥ આવો થુલિભદ્ર વાલાહા ॥ લાછલદેના હો નંદ ॥ તુમસું મુઝ મન મોહીઓ ॥ જિમ સાયરને ચંદ ॥ ચાં૦ ॥ ૨ ॥ સુગણ સાથેહે પ્રીતડી ॥ દિન દિન અધિકીહો થાય ॥ મીઠો રંગ મજીઠનો ॥ ધોયે ચટક ન જાય ॥ ચાં૦ ॥ ૩ ॥ નેહ વિહુણાહે માણસાં ॥ જેહવાં આવલ ફુલ ॥ દીસંતાં રળીયામણાં ॥ પણિ નવિ પામેહે મુલ ॥ ચાં૦ ॥ ૪ કોયલડી ટહુકા કરે ॥ અંબ લહુકેરે લુંબ ॥ થુળીભદ્ર સુરતરૂ સારિખો ॥ કોસ્યા કણુયર કંબ ॥ ચાં૦ ૫ ॥ થુળીભદ્ર કોસ્યાહે પ્રુઝવી ॥ દિધો સમકીત સાર ॥ રૂપ વિજય કહે સોલથી ॥ લહિયે સુખ અપાર ॥ ચાં૦ ૬ ॥

ભરત બાહુબળની સઝાય.

દુહા.

સ્વસ્તી શ્રી વરવા ભણી ॥ પ્રણમી રીષભ જીણંદ ॥

માસુ તસ સુત અતુળીબળ ॥ બાહુબળ મુની ચંદ ॥
૧ ॥ ભરતે સાઠ સહસ્ત્ર વરસ ॥ સાધ્યા ખટ ખંડ દેશ
॥ અતી ઓછવ આણંદસુ ॥ વીનતા કીધ પ્રવેશ ॥ ૨ ॥
ચક્ર રતન આવે નહી ॥ આયુધશાળા માંહ ॥ મત્રીસ્વર
ભરતને તદા ॥ કહે સાંભળ ભુવીનાહ ॥ ૩ ॥ સ્વામી તેં
નિજ ભુજ બળે ॥ વસ કીધા ખટ ખંડ ॥ પણ બાહુબ
ળ ભ્રાતનો ॥ નવિ દીઠો ભુજ ડંડ ॥ ૪ ॥ સુરનર માં
હી કો નહી ॥ તસ જીતણ સમરથ ॥ તો પ્રભુ તુમ બ
ળ જાણસ્યું ॥ સહસ્ત્રો તસરસ હથ ॥ ૫ ॥ સુણીને મ
ત્રી વયણ ઇમ ॥ ચક્રી હુઓ સતેગ ॥ બાહુબળ ભણી
મોકલ્યો ॥ નામે દુત સુવેગ ॥ ૬ ॥ ભટરથ હયવર થાટ
સુ ॥ દુતે કીધ પ્રયાણ ॥ સુકન હુઆ ઘણુ વાંકડા ॥ પ
ણ સ્વામીની આંણ ॥ ૭ ॥ બહુ જોજન ઓલંગી ખ
રા ॥ આવ્યો બહુલી દેશ ॥ કોઇ બાહુબળ વીના ॥ જા
ણે નહી નરેશ ॥ ૮ ॥ તીખસીલા નગરી જિહાં ॥ બાહુબ
ળ ભો મંદ ॥ દુત વેગે જઈ તીહાં ॥ પ્રણમ્યા પાય અર
વંદ ॥ ૯ ॥ બાહુબળ પુછે કુસળ ॥ ભરત તણા પરીવા
ર ॥ ચતુરાઇસુ દુત તવ ॥ બોલે બોલ રસાળ ॥ ૧૦ ॥
આસન અરધો બેસવા ॥ આપે સુરપતી જાસ ॥ લક્ષ
જક્ષ સેવા કરે ॥ જગત કરે જસ આસ ॥ ૧૧ ॥ હેલે
જીતા ખટ ખંડ ॥ એહ ન પોહોત્યો કોય ॥ રિષભ દેવ
સાનીધ કરે ॥ તસ કેમ કુસળ ન હોય ॥ ૧૨ ॥ પણ

પ્રભુ તુમ આવ્યા વીના ॥ માને સકળ નીરથ ॥ કામ ન હી હવે દીલનું ॥ સેવો પ્રભુ સમરથ ॥ ૧૩ ॥ નહી તો જો તે કોપસે ॥ કોઈ ન રેસે તીર ॥ તસ ભુજ ડંડ પ્રહાર એક ॥ સહસે ભુજ શરીર ॥ ૧૪ ॥ એ સેના વળી રીષ એ ॥ તીહાં લગે જાણો સરવ ॥ જ્યાં લગે તે કોપ્યા નહી ॥ મુકો તે આણી ગરવ ॥ ૧૫ ॥

ઢાળ. રાગ બંગાળ.

જારેસુ તુજ મારૂ દુત ॥ બાહુબળ બોલે થઈ ભુત ॥ રાજા નહી નમે ॥ કોપે ચડ્યો હું તાહરો નહી ॥ એક મુઠે ઘરૂ ધરતી માંહી ॥ રા૦ ૧ ॥ હું તો જાણતો તાતજી જેમ ॥ ભાઈપણાનો જાણ્યો પ્રેમ ॥ રા૦ ॥ તેહુજ મારો કહેજે ગુજાય ॥ જો બળ હોય તો કરજે ગુઝ ॥ રા૦ ૨ ॥ દેઈ ગળેથો કાઢ્યો દુત ॥ વીળખો થઈને વની તાએ પહુત ॥ રા૦ ॥ સંભળાવ્યો સઘળો વરતાંત ॥ કોપે ભરતપતી જેમ કૃતાંત ॥ રા૦ ૩ ॥ રણભંભા દેવરાવી જામ ॥ સેના સજી હુઈ સઘળી તામ ॥ રા૦ ॥ કોડ સવા નીજ પુત્ર સકજ ॥ રણ રસીયા હુઆ સઘળા સજ ॥ રા૦ ૪ ॥ લાખ ચોરાશી ગજવર રાજ ॥ ઘોડા સંહે ચોરાશી સાજ ॥ રા૦ ॥ લાખ ચોરાશી રથ વળી જાણ ॥ લાખ ચોરાશી ધુરે નીશાન ॥ રા૦ ૫ ॥ પાયક છનું કોડ કુમાર ॥ વિદ્યાધર કિંનર નહી પાર ॥ રા૦ ॥ એમ સુભટની

કડાકોડ ॥ રણ રસ વાધે હોડાહોડ ॥ રા૦ ૬ ॥ પ્રથવી કંપે સેન્યા પુર ॥ રજશું છાયા સશીને સુર ॥ રા૦ ॥ સો ળ લાખ વાજે રણતુર ॥ ચાલે ચક્ર તે સેન્યા પુર ॥ રા૦ ૭ ॥ પહોલા બહુળી દેશની સીમ ॥ સુણી બાહુબળ થયો અતી ભીમ ॥ રા૦ ॥ ત્રણ લાખ બાહુબળના પુત્ર ॥ ક્રો ધે ચડ્યા જાણે જમ દુત ॥ રા૦ ૮ ॥ સેન્યા સમુદ્ર તણુ અનુહાર ॥ તે કેતાં નવી આવે પાર ॥ રા૦ ॥ ચક્રીસર ની સેન્યા સર્વ ॥ તૃણ જેમ ગણતો મોટે ગર્વ ॥ રા૦ ૯ ॥ પહેરી કવચ અસવારી કીધ ॥ બાહુબળ રણ ડંકા દીધ ॥ રા૦ ॥ ભરતે પહેર્યા વજ્ર સનાહ ॥ ગજરત્ને ચડ્યો અ ધીક ઉછાહ ॥ રા૦ ૧૦ ॥ બેહુ આવ્યા સામા સેન્ય ॥ કંપ્યો ગગને પ્રથવી જેણ ॥ રા૦ ॥ ઘોડે ઘોડા ગજે ગજ રાજ ॥ પાળે પાળા અડે રણ કાજ ॥ રા૦ ૧૧ ॥ ઝળકે ભાલા તેમ ખડગ ॥ તીરે છાયો ગગનનો મગ ॥ રા૦ ॥ સુર સુભટ ભડે તેમ ॥ નાંખે ઉછાળી ગજ કાંકર જેમ ॥ રા૦ ૧૨ ॥ રૂધીર નદીઓ વહે ઠામો ઠામ ॥ બાર વરસ ઈમ કીધો સંગ્રામ ॥ રા૦ ॥ બેમાંહી કોઈ ન હાર્યા જા મ ॥ ચમર સુધરમ ઈંદ્ર આવ્યા તામ ॥ રા૦ ૧૩ ॥ તાતજી સૃષ્ટી કરી છે એહ ॥ કાં ક્ષય પમાડો તુમે તે હ ॥ રા૦ ભાઈ દોય ચડો રણબાર ॥ જિમ ન હોય જ નનો સંહાર ॥ રા૦ ૧૪ ॥ માન્યું વચન બે ભાઈ જામ ॥ દેવે થાપ્યા પાંચ સંગ્રામ ॥ રા૦ દ્રષ્ટી ૧ વચન ૨ બાહુ ૩ મુષ્ટિ ૪ ને દંડ ૫ ॥ બે ભાઈ કરો યુધ પ્રચંડ ॥ રા૦ ૧૫॥

દુહા.

અનમીષ નયને જોવતાં ॥ થઈ ઘડી એક જામ ॥ ચક્રી ને નયને તુરત ॥ આવ્યાં આંસુ તામ ॥૧॥ સિંહનાદ ભ રતે કરયો ॥ જિમ ફુટ્યો બ્રહ્મંડ ॥ બેહનાદ બાહુ બળે ક

તેણે હાંકર્યો અતિ ચંડ ॥ ૨ ॥ ભરતે બાહુ પસારીઓ ॥ તે વાલીઓ જેમ કંબ ॥ વાનર જીમ હીંચે ભરત ॥ બાહુ બળ ભુજ લંબ ॥ ૩ ॥ ભરતે મારી મુઠી એમ ॥ બાહુ બળ સેર માંહિ ॥ ઝાંખો લગે બાહુબળ ॥ ધરતી માંહી જાય ॥ ૪ ॥ ગગન ઉછળી બાહુબળે ॥ મુઠી એહવી મુઠ ॥ પેઠો ભરતેસર તુરત ॥ ધરતી માંહી આકંઠ ॥ ભરત ડંડ બાહુને ॥ ચુરયો મુગટ સનુર ॥ ભરત તણો બાહુબળે ॥ કીયો કવચ ચકચુર ॥ બોલ્યા સાચો દેવતા ॥ હારયો ભરત નરેસ ॥ બાહુ બળ ઉપર થઈ ॥ ફુલવ્રષ્ટિસુ વિસેસ ॥ ૭ ॥ ચક્રી અતી વલખો થઓ ॥ વાસ્યા ચુકયો તામ ॥ બાહુબળ ભાઈ ભણી ॥ મુકયો ચક્ર ઉદામ ॥ ૮ ॥ ઘરમાં ચક્ર ફુરે નહી ॥ કરી પ્રદક્ષણા તાસ ॥ તેજે જલ હલતો થકો ॥ આવ્યો ચક્રી પાસ ॥ ૯ ॥ બાહુ બળ કોપે ચડયો ॥ જાણે કરૂં ચકચુર ॥ મુઠ ઉપાડી મારવા ॥ તવ ઉદયો દયા અંકુર ॥ તામ વિચારે ચીતમેં ॥ કેમ કરી મારૂં ભ્રાત ॥ મુઠ પણ કેમ સંહરૂં ॥ આવી જાની હોય વાત ॥ ૧૧ ॥ હસ્તી દાંત જે નીસરયા ॥ તે કીમ પાછા જાય ॥ ઈમ પોતાના કેસનો ॥ લોચ કરે નરરાય ॥ ૧૨ ॥

ઢાળ.

ઈમ ધનોધણને પરિચાવે એદેશી.

તવ ભરતેસર વિનવેરે ભાઈ ॥ ખમ ખમ મુજ અપરાધ ॥ હું આછોને ઉછાંછળોરે ભાઈ ॥ તુતો છે અતિહે આધારે ॥ બાહુબળ ભાઈ ધુકુરું કીજેરે ॥ ૧ ॥ તુ મુજ શીરનો સેહરોરે ભાઈ ॥ હું તુજ પગની ખેહ ॥ એ સવી રાજ છે તાહરૂંરે ભાઈ ॥ મન માને તસ દેહરે ॥ બા૦ ધુ૦ ૨ ॥ હું અપરાધી પાપીઓરે ભાઈ ॥ કીધાં અનેક અકાજ ॥ મેં

મ વસે મુકાવીઆરે ભાઈ ॥ ભાઈ અઠાણુંનાં રાજરે ॥ બા૦ બુ૦ ૩ ॥ એક બંધવ તુ માહરેરે ભાઈ ॥ તે પણ આદરે એમ ॥ તો હું અપજશ આગળોરે ભાઈ ॥ રેસુ જગમાં કેમરે ॥ બા૦ બુ૦ ૪ ॥ કોડ કહુસુ તુજનેરે ભાઈ ॥ તાતજી રૂષભની આણ ॥ એક વાર હસી બોલનેરે ભાઈ ॥ કરી સુજ જન્મ પ્રમાણરે બા૦ બુ૦ ॥ ૫ ॥ ગુનહ ઘણો છે માહરારે ભાઈ ॥ બગસો કરી સુપસાય ॥ રાખો ર બે દુહવાણ કીસોરે ભાઈ ॥ લળી લળી લાગુ પાયરે બા૦ બુ૦ ॥ ૬ ॥ ચક્રીને નયણે ઝરેરે ભાઈ ॥ આંસુડાંની ધાર ॥ તે દુખ જાણે તેઉરેર ભાઈ ॥ કે જાણે કીરતારરે બા૦ બુ૦ ॥ ૭ ॥ નીજ નપરી પવીતા ભણીરે ભાઈ ॥ જાતા ન પડે પાય ॥ હા મુરખે મેં શું કરયુંરે ભાઈ ॥ ઈમ ઉભો પસ્ત્રાએ ॥ બા૦ બુ૦ ॥ ૮ ॥ વચન વચન ભરતેસનારે ભાઈ ॥ સુણી નવી રાખ્યા તેહ ॥ મોટા આદર કેગ ફેરે ભાઈ ॥ જીમ હાથેલી રેખરે બા૦ બુ૦ ॥ ૯ ॥ કેવળ લહી મુગતે ગયારે ભાઈ ॥ બાહુ બળ અણગાર ॥ પ્રાતસમે નીત પ્રણમીએરે ભાઈ ॥ જેમ હોય જય જયકારરે બા૦ બુ૦ ॥ ૧૦ ॥

કળસ.

શ્રી રિષભ જીન પસાય ઈણી પરે ॥ સંવત સતર એકો તેરે ॥ ભાદ્રવા સુદ પડવા દીને ॥ રવીવાર હુલટ ભરે ॥ વી મળવીજે ઉવઝાય સદગુર ॥ સીસ રતન કહે સુભવરે ॥ બાહુ બળ મુનીરાજ ગાતાં ॥ રમાવીજે જય સીરી વરે ॥

સમાપ્ત

જાહેર ખબર.

હું નીચે સહી કરનાર વીનયપુર્વક અરજ કરૂ છું કે અમારી આફીસમાં નીચે જણાવેલાં પુસ્તકો વેચાતી મળશે.

ઓખાહરણ, સદેવંત સાવળીંગા, ગુલબંકાવલી, પંચકલ્યાણની પુજા, પ્રતીક્રમણસુત્ર, લીલાવતીનો રાસ, પદ્માવતીની વારતા, ઊદ્યમકર્મની વારતા, દીવાની કાયદો, [illegible], નળાખ્યાન, નંદબત્રીસી, લેલામજનુનો કીસો, ચોવીસી, મલીનાથની, સુંદરવીલાસ, શ્રી મનોરંજક, સનીસરની કથા, નરસી મેહેતાનુ મામેરૂ, મોતીસાના ઢાળીયા, સુકનાવળી, જઈન ધરમની લાવણી, છબાઈનો રાસ, અંજનાનો રાસ, સીતાના મહીના, અંગદવારનો ઝઘડો, એ વીગેરે તમામ જાતના છાપખાના તથા જઈન ધરમનાં પુસ્તકો મળશે.

સદરહુ ચોપડીઓ ઘણીજ કીફાયતથી આપવામાં આવશે.

કાળીદાસ સાંકળચંદ.
અમદાવાદ ટાઇમ્સ પ્રેસનો માલીક.